શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ નોમ શુક્રવાર ૨૭ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૩૦

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# ઈરાને ભારતને આપી હોર્મુઝમાં એન્ટ્રી

**ચીન,** રશિયા, ભારત, ઈરાક અને પાકિસ્તાનને આ મહત્વના જળમાર્ગમાંથી બેરોકટોક વહાણવટાની છૂટ અપાઇ

**આ પાંચેય** દેશોને ઇરાનના વિદેશ મંત્રીએ મિત્ર દેશો ગણાવ્યા

**તેહરાન/નવી દિલ્હી, તા. 26 (PTI):** ઈરાને ભારત અને ચીન તથા રશિયા સહિતના અન્ય અનેક મિત્ર દેશોને વ્યાપારી વહાણવટા માટે હોર્મુઝની સામુદ્રધુનીનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે, તેમ ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ જણાવ્યું છે.

ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુનીને લગભગ સંપૂર્ણપણે બંધ કરી દેવાયા બાદ વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના ભાવમાં ઉછાળો આવ્યો છે. પર્સિયન ગલ્ફ અને ઓમાનના અખાત વચ્ચેનો આ સાંકડો દરિયાઈ માર્ગ વિશ્વના અંદાજે 20 ટકા તેલ અને LNG (લિક્વિફાઈડ નેચરલ ગેસ) ના પરિવહનનું સંચાલન કરે છે. પશ્ચિમ એશિયા ભારતની ઊર્જા પ્રાપ્તિ માટેનો મુખ્ય સ્ત્રોત રહ્યો છે.

ઈરાની સ્ટેટ ટીવી અનુસાર, અરાઘચીએ કહ્યું, અમે એવા અમુક દેશોને પસાર થવાની મંજૂરી આપી છે જેમને અમે મિત્ર માનીએ છીએ. અમે ચીન, રશિયા, ભારત, ઈરાક અને પાકિસ્તાનને પરિવહનની છૂટ આપી છે. સાથે જ, ઈરાનના વિદેશ મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે ઈરાનના વિરોધીઓ સાથે જોડાયેલા જહાજોને આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી પસાર થવા દેવામાં આવશે નહીં. તેમણે ઉમેર્યું, અમે યુદ્ધની સ્થિતિમાં છીએ. આ પ્રદેશ યુદ્ધ ક્ષેત્ર છે, અને અમારા દુશ્મનો તથા તેમના સાથીઓના જહાજોને પસાર થવા દેવાનું કોઈ કારણ નથી. પરંતુ તે અન્ય લોકો માટે ખુલ્લું રહેશે. મેહર (MEHR) ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, સંઘર્ષને સમાપ્ત કરવા માટે મધ્યસ્થી તરીકે કામ કરવાના કેટલાક ત્રીજા દેશોના પ્રયાસોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું: અમેરિકા સાથે કોઈ વાટાઘાટો ચાલી રહી નથી. તેમણે વધુમાં ઉમેર્યું કે આ પ્રદેશના ઘણા વિદેશ મંત્રીઓએ તેહરાનનો સંપર્ક કર્યો છે, પરંતુ ઈરાનનું વલણ સૈદ્ધાંતિક અને મક્કમ રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, આંતરરાષ્ટ્રીય ગેરંટી 100 ટકા ભરોસાપાત્ર હોતી નથી. અમે જે આંતરિક ગેરંટી જાતે ઊભી કરી છે તેના દ્વારા હવે કોઈ પણ ઈરાની લોકો સાથે યુદ્ધ કરવાની હિંમત કરશે નહીં.

## હોર્મુઝની સામુદ્રધુની બંધ કરાવનાર કમાન્ડર ખતમ

**ઈઝરાયલનો** દાવો, IRGCના નેવી ચીફ તંગસીરી હોર્મુઝની સામુદ્રધૂનિ બંધ કરવાની કામગીરીની આગેવાની લઇ રહ્યા હતા

**નેતન્યાહુએ** કહ્યું- ‘પૂરી તાકાતથી હુમલા ચાલુ રહેશે’



**જેરૂસલેમ, તા. 26 (PTI):** ઈઝરાયેલે ગુરુવારે દાવો કર્યો હતો કે તેણે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના નેવી ચીફ અલીરેઝા તંગસીરીને ઠાર કર્યા છે, જે હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવા માટે જવાબદાર હતા.

વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ એક ટૂંકા વિડિયો સંદેશમાં જણાવ્યું હતું કે ઈઝરાયેલ ઈરાન પર પૂરી તાકાત સાથે હુમલા કરવાનું ચાલુ રાખશે. આ દરમિયાન ઈસ્લામિક રિપબ્લિક અને તેના લેબનીઝ સાથી હિઝબુલ્લાએ ઈઝરાયેલ પર સતત હુમલાઓ કર્યા હતા, જેના કારણે લોકોને આશ્રય લેવા માટે મજબૂર થવું પડ્યું હતું. નેતન્યાહુએ કહ્યું, ગઈકાલે રાત્રે, અમે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની નેવીના કમાન્ડરને ખતમ કરી દીધા છે. આ વ્યક્તિના હાથ અનેક લોકોના લોહીથી ખરડાયેલા છે અને તે હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાના નેતૃત્વ માટે પણ જવાબદાર હતો. વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે અમે ઈરાની આતંકવાદી શાસનના લક્ષ્યો પર પૂરી તાકાત સાથે પ્રહાર કરવાનું ચાલુ રાખીશું. તેમણે આ ઓપરેશનને અમારા અને અમારા સાથી અમેરિકા વચ્ચેના સહકારનું વધુ એક ઉદાહરણ ગણાવ્યું હતું, જે આપણા સહિયારા યુદ્ધના ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે છે.

ગુરુવારે ઈરાન અને લેબનોન તરફથી થયેલા મિસાઈલ મારો, રોકેટ અને ડ્રોન હુમલાઓને કારણે સમગ્ર ઈઝરાયેલમાં સાયરન ગુંજી ઉઠ્યા હતા, જેના કારણે બપોર સુધીમાં લોકોને અનેકવાર શેલ્ટરમાં આશરો લેવો પડ્યો હતો. તબીબી અને બચાવ સેવાઓએ અહેવાલ આપ્યો છે કે ગુરુવારે થયેલા આ હુમલાઓમાં ઈઝરાયેલમાં ઓછામાં ઓછા દસ લોકો ઘાયલ થયા છે અને દેશભરમાં અનેક સ્થળોએ નુકસાન થયું છે.

## એર ઇન્ડિયાનું નવું A350 ‘હવામાં ફસાયું’: 7 કલાક ઉડ્યા બાદ દિલ્હી પરત ફર્યું!

**લંડન** જતી ફ્લાઈટમાં રહસ્યમય અવાજો સંભળાતા ઈમરજન્સી લેન્ડિંગ; 10 દિવસમાં બીજી મોટી ખામી

**નવી દિલ્હી, તા. 26 (PTI):** લંડન હિથ્રો જઈ રહેલું એર ઈન્ડિયાનું એ350 એરક્રાફ્ટ લગભગ સાત કલાક સુધી હવામાં રહ્યા બાદ ગુરુવારે બપોરે ટેક્નિકલ સમસ્યાને કારણે રાષ્ટ્રીય રાજધાની પરત ફર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જ એ350-900 એરક્રાફ્ટ (વીટી-જેઆરએફ)એ 15 માર્ચે પણ ટેક્નિકલ સમસ્યાનો સામનો કર્યો હતો, જેના પગલે ન્યૂયોર્કથી દિલ્હી જતી ફ્લાઈટને આયર્લેન્ડના શેનન શહેરમાં વાળવામાં આવી હતી. એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ગુરુવારે દિલ્હીથી લંડન જતી તેની ફ્લાઈટ એઆઈ111માં શંકાસ્પદ ટેક્નિકલ સમસ્યા બાદ સાવચેતીના ભાગરૂપે રાષ્ટ્રીય રાજધાની પરત લાવવામાં આવી હતી. પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થયું છે અને એર ઈન્ડિયાના ઉચ્ચ સુરક્ષા માપદંડો મુજબ, હાલમાં તેનું વ્યાપક ટેક્નિકલ મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે, જેને પૂર્ણ કરવા માટે વધારાના સમયની જરૂર પડશે.” સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાનમાં અવાજો સંભળાયા હતા જેના પછી તેને ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. પ્રવક્તાએ અણધારી પરિસ્થિતિને કારણે મુસાફરોને પડેલી અસુવિધા બદલ ખેદ પણ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે એરલાઈન મુસાફરો વહેલી તકે લંડન માટે તેમની મુસાફરી ચાલુ રાખી શકે તે સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.

## દિલ્હી ડાયરી



### રાજ્યપાલોની બદલી અને રાજકીય ટકરાવ

તાજેતરમાં એક રાજ્યથી બીજા રાજ્યમાં અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાજ્યપાલોની નિમણૂક અને બદલીએ એક વિચિત્ર પરિસ્થિતિ ઊભી કરી છે. ખાસ કરીને એવા વિવાદાસ્પદ રાજ્યપાલોના સંદર્ભમાં, જેઓ ખુલ્લેઆમ ભાજપના કેન્દ્રીય નેતૃત્વ અને કેન્દ્ર સરકાર આગળ ઝૂકી જાય છે.

આવું જ એક ઉદાહરણ આર.એન. રવિનું છે, જેમણે તમિલનાડુના રાજ્યપાલ તરીકે એમ.કે. સ્ટાલિનની ચૂંટાયેલી બહુમતી સરકાર સાથે દરેક મુદ્દે ટકરાવ કરીને અરાજકતા અને મૂંઝવણ ઊભી કરી હતી. હવે તેમની બદલી પશ્ચિમ બંગાળમાં કરવામાં આવી છે, જે તમિલનાડુની જેમ જ ચૂંટણી તરફ જઈ રહ્યું છે અને તૃણમૂલ કોંગ્રેસના આક્રમક નેતા મમતા બેનર્જી દ્વારા શાસિત એક અન્ય રાજકીય હોટસ્પોટ છે. શું તમિલનાડુનો ફાયદો પશ્ચિમ બંગાળ અને ખાસ કરીને બેનર્જી માટે મુસીબત બની શકે છે? જ્યારે તમિલનાડુએ રવિની બદલીની ઉજવણી કરી ત્યારે પશ્ચિમ બંગાળમાં આ નિર્ણય સામે વિરોધ પ્રદર્શનો થયા. હકીકતમાં તેમની બદલીથી સત્તારૂઢ ડીએમકે છાવણીમાં પણ આશ્ચર્ય ફેલાયું હતું. મુખ્યમંત્રી સ્ટાલિને આ બદલી પર હળવા અંદાજમાં પ્રતિક્રિયા આપતા કહ્યું: “હું ઇચ્છતો હતો કે, રવિ તમિલનાડુમાં ચાલુ રહેત. કારણ કે, તત્કાલીન રાજ્યપાલના લોકવિરોધી કાર્યોને કારણે આગામી ચૂંટણીમાં ડીએમકેને જ ફાયદો થવાનો હતો.” બીજી તરફ બેનર્જી આ ફેરફાર પર પોતાનો ગુસ્સો છુપાવી શક્યા નથી.

...અનુસંધાન પાના 15 પર

## મોદી આજે તમામ મુખ્યમંત્રીઓ સાથે ઈમરજન્સી બેઠક યોજશે

**યુદ્ધના** જોખમ સામે ‘ટીમ ઈન્ડિયા’ થશે સજ્જ; પશ્ચિમ એશિયાના સંઘર્ષની અસરો પર થશે મોટી ચર્ચા



**નવી દિલ્હી, તા. 26 (PTI).** સૂત્રોના જણાવ્યા અનુસાર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ (ચૂંટણીવાળા રાજ્યોને બાદ કરતાં) સાથે વાતચીત કરશે અને પશ્ચિમ એશિયાના સંઘર્ષના પગલે તેમની સજ્જતા અને યોજનાઓની સમીક્ષા કરશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ પહેલનો ઉદ્દેશ્ય ‘ટીમ ઈન્ડિયા’ની ભાવના સાથે પ્રયત્નોમાં તાલમેલ સુનિશ્ચિત કરવાનો છે.

આ પ્રથમ વખત છે જ્યારે વડા પ્રધાન પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરશે, જે 28 ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલના હુમલા સાથે શરૂ થયો હતો. આ પર્શિયન રાષ્ટ્ર (ઈરાન)એ પણ તેના અખાતી પડોશી દેશો અને ઈઝરાયેલ પર ગોળીબાર કરીને વળતો પ્રહાર કર્યો છે.

સૂત્રોએ કહ્યું હતું કે, “વડા પ્રધાન આવતી કાલે સાંજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરશે, જેથી રાજ્યોની સજ્જતા અને યોજનાઓની સમીક્ષા કરી શકાય. આ બેઠકનો ઉદ્દેશ્ય ટીમ ઈન્ડિયાની ભાવના સાથે પ્રયાસોમાં તાલમેલ સુનિશ્ચિત કરવાનો હશે.”

ચૂંટણીવાળા રાજ્યોના મુખ્યમંત્રીઓ આદર્શ આચારસંહિતા (એમસીસી)ના કારણે આ બેઠકનો ભાગ રહેશે નહીં.

કેબિનેટ સચિવાલય ચૂંટણીવાળા રાજ્યો તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના મુખ્ય સચિવો સાથે અલગ બેઠક યોજશે.

સોમવારે લોકસભામાં નિવેદન આપતાં વડા પ્રધાને જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે ઊભી થયેલી મુશ્કેલ વૈશ્વિક પરિસ્થિતિઓ લાંબા સમય સુધી ચાલુ રહેવાની શક્યતા છે અને રાષ્ટ્રને તૈયાર અને એકજૂથ રહેવા આહ્વાન કર્યું હતું, જે રીતે તે કોવિડ-19 મહામારી દરમિયાન એકસાથે ઊભું રહ્યું હતું.

### ગત નાણાકીય વર્ષમાં રાજકીય પક્ષોને મળતા દાનમાં ૧૬૧ ટકાનો ઉછાળો

## ભાજપને સૌથી વધુ દાન મળ્યું

**અન્ય** તમામ રાષ્ટ્રીય પક્ષોના ભેગા દાન કરતા પણ દસ ગણુ!

**નાણાકીય** વર્ષ 2024-25માં રાજકીય પક્ષોને કુલ રૂ. 6,648.563 કરોડ મળ્યા, આમાંથી ફક્ત ભાજપને જ રૂ. 6,074.015 કરોડ મળ્યા

**કોંગ્રેસને** ૮૪ ટકાના વધારા સાથે રૂ. 517.394 કરોડ દાન મળ્યું, આપને મળેલા દાનમાં અગાઉના વર્ષની સરખામણીમાં ૨૪૪ ટકાનો વધારો

### રાજકીય દાનોમાં કોર્પોરેટ કંપનીઓના ફાળાનો દબદબો

રાજકીય ભંડોળમાં કોર્પોરેટ દાનનો દબદબો રહ્યો છે, જે 3,244 દાન દ્વારા કુલ રૂ. 6,128.787 કરોડ અથવા કુલ યોગદાનના 92.18 ટકા છે. વ્યક્તિગત દાતાઓએ 7,900 દાન દ્વારા રૂ. 505.66 કરોડનું યોગદાન આપ્યું છે, જે કુલ હિસ્સાના 7.61 ટકા છે. ભાજપને 2,794 કોર્પોરેટ દાન દ્વારા રૂ. 5,717.167 કરોડ મળ્યા છે, જે અન્ય તમામ રાષ્ટ્રીય પક્ષો દ્વારા પ્રાપ્ત થયેલા રૂ. 411.62 કરોડના સંયુક્ત યોગદાન કરતા 13 ગણા વધુ છે. તેને 2,627 વ્યક્તિગત દાતાઓ પાસેથી રૂ. 345.94 કરોડ પણ મળ્યા છે. કોંગ્રેસને નાણાકીય વર્ષ દરમિયાન 112 કોર્પોરેટ દાન દ્વારા રૂ. 383.86 કરોડ અને 2,357 વ્યક્તિગત દાતાઓ પાસેથી રૂ. 132.39 કરોડ મળ્યા છે.

**નવી દિલ્હી, તા. 26 (PTI):** એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ(ADR)ના અહેવાલ મુજબ, અગાઉના નાણાકીય વર્ષની સરખામણીમાં 2024-25માં રાષ્ટ્રીય પક્ષોને મળતા દાનમાં 161 ટકાનો ઉછાળો આવ્યો છે, જેમાં સત્તારૂઢ ભાજપનો હિસ્સો સૌથી વધુ છે, જે અન્ય તમામ રાષ્ટ્રીય પક્ષો દ્વારા મળેલા કુલ દાનના દસ ગણાથી પણ વધુ છે.

ગુરુવારે જાહેર કરાયેલા અહેવાલમાં જણાવાયું છે કે, નાણાકીય વર્ષ 2024-25માં રાષ્ટ્રીય પક્ષો દ્વારા જાહેર કરવામાં આવેલ રૂ. 20,000 થી વધુનું કુલ દાન 11,343 યોગદાનો દ્વારા રૂ. 6,648.563 કરોડ રહ્યું હતું. આમાંથી ભાજપને એકલાને 5,522 દાનો દ્વારા રૂ. 6,074.015 કરોડ મળ્યા છે, ત્યારબાદ કોંગ્રેસને 2,501 દાન દ્વારા રૂ. 517.394 કરોડ પ્રાપ્ત થયા છે. રિપોર્ટમાં ધ્યાન દોરવામાં આવ્યું છે કે ભાજપનું જાહેર કરાયેલું દાન આ જ સમયગાળા માટે કોંગ્રેસ, આમ આદમી પાર્ટી (AAP), કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા-માર્કસિસ્ટ (CPI-M) અને નેશનલ પીપલ્સ પાર્ટી (NPEP) ના સંયુક્ત કુલ દાન કરતા દસ ગણા કરતા પણ વધુ છે.

બીજી તરફ, બહુજન સમાજ પાર્ટી (BSP)એ જાહેર કર્યું છે કે તેને રૂ. 20,000થી વધુ રકમનું કોઈ દાન મળ્યું નથી, જે તે છેલ્લા 19 વર્ષથી કહી રહી છે. એકંદરે, 2023-24 ની સરખામણીમાં 2024-25 માં રાષ્ટ્રીય પક્ષોને મળતા દાનમાં રૂ. 4,104.285 કરોડનો વધારો થયો છે. ભાજપના ભંડોળમાં અગાઉના નાણાકીય વર્ષના રૂ. 2,243.947 કરોડથી 171 ટકાનો ઉછાળો આવ્યો છે. કોંગ્રેસના દાનમાં 84 ટકાનો વધારો થયો છે, જે 2023-24 માં રૂ. 281.48 કરોડ હતું તેના પરથી વધીને 2024-25 માં રૂ. 517.394 કરોડ થયો છે. અન્ય પક્ષોમાં, AAPને રૂ. 27.044 કરોડ (244 ટકાનો વધારો) અને NPEP ને રૂ. 1.943 કરોડ (1,313 ટકાનો વધારો) મળ્યા હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

ટોચના દાતાઓમાં, પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટે ભાજપ, કોંગ્રેસ અને AAP ને મળીને કુલ રૂ. 2,413.465 કરોડનું દાન આપ્યું છે. આમાંથી રૂ. 2,180.7119 કરોડ ભાજપને, રૂ. 216.335 કરોડ કોંગ્રેસને અને રૂ. 16.4178 કરોડ AAP ને આપવામાં આવ્યા હતા.

પ્રોગ્રેસિવ ઈલેક્ટોરલ ટ્રસ્ટે બે દાન દ્વારા રૂ. 834.97 કરોડ, AB જનરલ ઈલેક્ટોરલ ટ્રસ્ટે 16 દાન દ્વારા રૂ. 621 કરોડ અને ન્યુ ડેમોક્રેટિક ઈલેક્ટોરલ ટ્રસ્ટે સાત દાન દ્વારા ભાજપ અને કોંગ્રેસને રૂ. 155 કરોડ આપ્યા હતા. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે ત્રણ દાન દ્વારા રૂ. 100 કરોડ અને રુંગટા સન્સ પ્રાઈવેટ લિમિટેડે ચાર દાન દ્વારા 2024-25માં ભાજપને રૂ. 95 કરોડનું દાન આપ્યું હતું.

## વડાપ્રધાન, ચૂંટણી પંચ વિરુદ્ધ બદનક્ષીકારક AI વીડિયો બદલ ટ્વીટર સામે ગુનો દાખલ

**કેરળ** ભાજપનો સિક્કો ધરાવતા ચૂંટણી પંચના એક પત્રથી સર્જાયેલા વિવાદ સંદર્ભમાં આ વીડિયો હતો

**સત્તાવાળાઓ** તરફથી આ વીડીયો ડીલીટ કરી નાખવાની સૂચના છતાં એક્સ(ટ્વીટર) દ્વારા આ વીડિયો ખસેડવામાં આવ્યો ન હતો

**તિરુવનંતપુરમ, તા. 26 (PTI):** કેરળ પોલીસના સાયબર વિંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X અને તેના એક હેન્ડલ વિરુદ્ધ વડાપ્રધાન અને ચૂંટણી પંચ (ECI)ને ભ્રામક અને બદનક્ષીભરી રીતે દર્શાવતો AI-જનરેટેડ વીડિયો પ્રસારિત કરવા બદલ કેસ નોંધ્યો છે. આ વીડિયો ચૂંટણી પંચના એક પત્રના સંદર્ભમાં છે જેના પર ભાજપના કેરળ એકમનો સિક્કો લાગેલો હતો - જે મુદ્દો અત્યારે ચૂંટણીના માહોલવાળા રાજ્યમાં રાજકીય વિવાદનું કેન્દ્ર બન્યો છે. પોલીસે જણાવ્યું હતું કે જે X હેન્ડલ પરથી આ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો, ત્યાંથી તેને હજુ સુધી હટાવવામાં આવ્યો નથી.

પોલીસે એક નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે, આ કથિત બદનક્ષીભરી સામગ્રી ચૂંટણી પંચ (ECI) સહિતના સત્તાવાર માધ્યમો દ્વારા તેમના ધ્યાન પર લાવવામાં આવી હતી. તપાસમાં એવું જણાયું હતું કે આ સામગ્રી જનતાને ગેરમાર્ગે દોરવાની, બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડવાની અને મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયા પર વિપરીત અસર કરવાની ક્ષમતા ધરાવે છે. તિરુવનંતપુરમ સિટીના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં બુધવારે મોડી રાત્રે X (Twitter) એકાઉન્ટ લક્ષ્મી એન રાજુ (@valiant^ Raju) અને X કોર્પ સહિત અન્ય લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે અને આ મામલે જવાબદારી નક્કી કરવા તથા કાયદેસરની કાર્યવાહી કરવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. બીએનએસ અને આઈટી એક્ટની વિવિધ જોગવાઈઓ હેઠળ

...અનુસંધાન પાના 15 પર

## ગભરાશો નહીં! ભારત પાસે 60 દિવસનો ઓઈલ સ્ટોક ફૂલ

**આખા** મહિનાના એલપીજી સપ્લાયની વ્યવસ્થા

**પેટ્રોલ**-ડીઝલ કે ગેસ ખૂટશે નહીં; સરકારે અફવા ફેલાવનારાઓથી સાવધ રહેવા કરી અપીલ

**નવી દિલ્હી, તા. 26 (PTI):** ભારત પાસે લગભગ 60 દિવસ સુધી ચાલે તેટલો ઓઈલ સ્ટોક છે અને એક આખા મહિનાના એલપીજી સપ્લાયની વ્યવસ્થા કરવામાં આવી છે. એમ સરકારે ગુરુવારે જણાવ્યું હતું. વધુમાં ઉમેર્યું હતું કે પેટ્રોલ, ડીઝલ કે એલપીજીની કોઈ અછત નથી અને અછતના અહેવાલોને ‘જાણીજોઈને ફેલાવવામાં આવતું ખોટી માહિતીનું અભિયાન’ ગણાવ્યું હતું, જેનો હેતુ લોકોમાં ગભરાટ પેદા કરીને તેમને વધુ ખરીદી કરવા ઉશ્કેરવાનો છે.

પશ્ચિમ એશિયામાં યુદ્ધ ફાટી નીકળ્યા પછી પ્રથમ વખત પેટ્રોલ પંપો અને એલપીજી વિતરકો પર

...અનુસંધાન પાના 15 પર

### તા. ૨૬-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૪° સે. | ૨૩.૦° સે. | ૨૬% |